# ‘એક સંડાસ બને ન્યારા’

– ડૉ. યોગેન્દ્ર વ્યાસ

થોડા દીવસ પહેલાં સવારે સાત વાગ્યે આંબાવાડી જેવા પોશ વીસ્તારમાંથી રીક્શામાં બેસી હું પસાર થતો હતો. મુખ્ય રસ્તાને અડીને આવેલા એક ગુલાબી મહેલ જેવા સરકારી મકાનની બાજુના મેદાનનો ખુલ્લા શૌચાલય તરીકે ઉપયોગ થતો જોઈને મને સાઠેક વરસ પહેલાંનું મારું બાળપણ યાદ આવ્યું.

ત્યારે અમે રેલવેના પાટાને અડીને આવેલા એક ભવ્ય મકાનમાં રહેતાં હતાં. ચાલીસેક ભાડવાત. કુટુમ્બ નીયોજન નહીં, તેથી દરેક ભાડવાતને ત્યાં સાત–આઠ વ્યકતીઓ. મકાનની સામે મેદાન. મેદાનને છેડે લાઈનમાં પાંચ સંડાસ. કોઈ મન્દીર કરતાંયે વધુ આ સંડાસમાં સતત અવર–જવર ચાલુ રહેતી. મોટા ભાગની સ્ત્રીઓ મધ્યાહ્ને જવાનું રાખતી. મને તો પ્રભાતે ‘મલદર્શનમ્’ની તન્દુરસ્ત ટેવ પડી ગયેલી. ઉઠું કે તરત હાથમાં ડબલું લઈ ત્રીસ પગથીયાંનો દાદરો ઝટપટ ઉતરી, સો કીલોમીટરની ઝડપે સંડાસ સુધી પહોંચતો. મારી દોડ પાકી તેનું કારણ આ.( જો કે મીત્રો માને છે કે હું બીકણ હોવાને કારણે મારી દોડ પાકી છે.) ત્યાં પહોંચીએ ત્યાં સુધીમાં ડબલામાંનું અડધું પાણી છલકાઈ ગયું હોય એટલે કાર્યક્રમ પત્યા પછી કરકસર કરવાની રહેતી. મારા કરકસરીયા(અને હરસનાં પણ કદાચ) સ્વભાવનાં મુળ આમાં. ક્યારેક ટીખળી નાનાભાઈએ રાતે ડબલાના તળીયામાં ખીલી મારી કાણું કરી રાખ્યું હોય ત્યારે એનો પહેલો શીકાર હું થતો. પણ વહેંચીને ભોગવવાની ભાવના, તેથી આ ડબલું ‘લીક’ થવાની માહીતી કોઈ ‘લીક’ નહીં કરતું. બાપુજીની સવારી નીકળવાની તૈયારી થાય એટલે નાનોભાઈ ડબલું બદલી નાખે.

ક્યારેક બધાં સંડાસ પર ‘હાઉસફુલ’નું ન દેખાતું પાટીયું ઝુલતું હોય અને બહાર લાઈન આખી ઉંચીનીચી, આગળપાછળ થતી હોય તો બીજી પંદરેક મીટરની દોડ લગાવીને પહોંચી જવાનું રેલવેના પાટા પર. ત્યાં લાઈન લગાવીને લોકો બેઠા જ હોય. કોઈ વેઈટીંગ નહીં. બે પગ મુકી શકાય તેટલી જગ્યા મળે કે ઉભડક બેસી જવાનું. ત્યાં સમ્પુર્ણ સામ્યવાદ. ઉંચ–નીચ, જ્ઞાતી–જાતી, ધર્મ–સમ્પ્રદાય, બાળક–બુઢ્ઢાં, સ્ત્રી–પુરુષ બધાં સરખાં. કેટલાક છોકરાઓ તો આવી અસ્વચ્છ મુક્તીની હવા ખાવા જ પેલાં સંડાસ ખાલી હોય તોય ખાસ આ મુક્ત શૌચાલય સુધી લાંબા થતા. ખાસ વ્યુહાત્મક જગ્યા પસંદ કરીને, લાંબા સમય સુધી બેસી રહેતા. લોચનસુખની સાથે સુરસુરીયાથી માંડી એટમબૉમ્બ સુધીના ધડાકાઓ સાંભળવાની અને મુળ માટીની સોડમની મઝા લેતા.

જો કે પેલાં પાંચ સંડાસની સ્થીતી પણ અંદર પાંચ–દસ મીનીટ સુધી ટકી શકાય તેવી નહીં જ. જાળાં–કરોળીયાં, મચ્છર–વંદા, માખી–ગરોળીઓની સંતાકુકડી સતત ચાલ્યા કરતી. ક્યારેક તમારા પગ પાસેથી પસાર થતા વંદાને ઝડપવા છત ઉપરથી સ્ટંટ–ક્વીન નાદીયાની જેમ ગરોળી સડસડાટ નીચે ઉતરે, વંદાને મોંમાં ઉપાડે અને તમે એ દીલધડક દૃશ્યથી ઉભા થઈ જાઓ ત્યાં તો પાછી ઉપર ચડી જાય. તમારો બાકીનો સમય વંદાનો તરફડાટ અને ગરોળીની એને ગળવાની મથામણ અવલોકવામાં જ પુરો થાય. મારી અવલોકનશક્તી(અને કલ્પના તથા વીચારશક્તી પણ) મુળ આવાં સંડાસોને કારણે જ કેળવાઈ. પછી તો કેટલાક સેવાભાવી યુવાનો અને દેશપ્રેમી સજ્જનોએ અમારા જેવા છોકરડાઓને સેક્સ–એજ્યુકેશન સરળતાથી મળી રહે એવા શુભાશયથી કોલસા, ચૉક કે ઢેખાળાથી દોરેલાં ચીત્રો અને કરેલાં લખાણો અને ચોંટાડેલી જાહેરખબરો વાંચવામાં સમય જતો. કેટલાક સંસ્કારરક્ષકો વળી એ ચીત્રો, લખાણો, જાહેરખબરો ધોઈ નાખવાની, ભુંસી નાખવાની, મીટાવી દેવાની ચેષ્ટા કરે; પણ બીજે દીવસ બધું 'હસ્તી મીટતી નહીં હમારી' કહેતું ત્યાં હાજર હોય. બેય પક્ષમાંથી કોઈ પક્ષ ક્યારેય થાક્યો હોય એવું યુગોથી આખા જગતમાં નથી બન્યું તો ત્યાં ક્યાંથી બને ? સંડાસ તો સમાજનું અસલી દર્પણ છે.

એ જમાનામાં 'એક બંગલા બને ન્યારા' ગીત બહુ ગવાતું; છતાં સપનાં જોવાની ઉંમર શરુ થઈ ત્યારે પહેલું સપનું 'એક સંડાસ બને ન્યારા' જોયેલું. 'અપના ભી સંડાસ હો, સંડાસમેં પાની હો ઔર સંડાસ કે બાહર કોઈ ખટખટાનેવાલા ન હો' એવું ગીત પણ બનાવેલું. 'પોતાનો ઓરડો'નું પુસ્તક લખનારને, 'પોતાના સંડાસ'નો અનુભવ કેવો સુખદ હોય તેની કલ્પના નહીં હોય, બીજું શું ? સ્વતંત્રતાને સાઠ વરસ થયાં પછી પણ મુક્ત શૌચાલયમાં અમુક રીતે સંડાસ જવાની સ્વતંત્રતા હજુયે આ દેશમાં કરોડો પ્રજાજનો ભોગવે છે. મેરા ભારત મહાન !

–ડૉ. યોગેન્દ્ર વ્યાસ

લેખકના પુસ્તક **'ચાલો, થોડું હસી લઈએ'** (પ્રકાશક–નવભારત પ્રકાશન મંદીર, 1914, હીંગલોક જોશીની પોળ, બાલા હનુમાન, ગાંધી રોડ, અમદાવાદ–380 001 ઈ–મેઈલ: info@navbharatonline.com – પ્રથમ આવૃત્તી– 2007, પૃષ્ઠ–184, મુલ્ય: રુપીયા 100)પુસ્તકનાં પાન 58થી 60 ઉપરથી, લેખકના સૌજન્યથી સાભાર...

(ભાષાવીજ્ઞાની ડૉ. વ્યાસ, અમદાવાદની ગુજરાત યુનીવર્સીટીના 'ભાષાસાહીત્ય ભવન'ના પુર્વ–ડીરેક્ટર. ગુજરાતની શાળાઓમાં ભણાવાતાં પાઠ્યપુસ્તકો તૈયાર કરનાર ગાંધીનગરના શાળા પાઠ્યપુસ્તક મંડળમાં, 1976થી ગુજરાતીનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં બહુમુલ્ય સેવા આપે છે..)

–ડૉ. યોગેન્દ્ર વ્યાસ

સમ્પર્ક: ૩૪૭–સરસ્વતીનગર, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫ ફોન–૦૭૯–૨૬૭૫ ૨૬૭૫

# સંડાસ

–સ્વામી સચ્ચીદાનન્દજી(દન્તાલીવાળા)

**1.** પ્રાચીન ગ્રંથોમાં (રામાયણ, મહાભારત વગેરેમાં) ક્યાંય સંડાસની વાત નથી આવતી એટલે તે સમયે સંડાસપ્રથા નહીં હોય.

**2.** બાથરુમની વાતો પણ ખાસ દેખાતી નથી; એટલે એવું લાગે છે કે લોકો જંગલમાં જતા હશે અને નદી–તળાવોમાં નહાતા હશે.

**3.** સંડાસ–બાથરુમ, મુસ્લીમ શાસકો લાવ્યા લાગે છે. સંડાસને પાયખાના અને બાથરુમને હમામ કહેતા. પણ તેનો પ્રચાર ઉંચા લોકો સુધી જ સીમીત લાગે છે.

**4.** પાયખાનાની શરુઆતથી દલીત કોમની પણ શરુઆત થઈ લાગે છે.

**5.** સદીઓ સુધી આ ઉઠાવ–પાયખાનાં પ્રચલીત રહ્યાં.

**6.** પશ્ચીમવાળા વીજ્ઞાન અને સગવડપ્રેમી; એટલે એમણે તેમાં પણ શોધો કરી અને સેપ્ટીક ટેન્ક બનાવી. સાંકળ ખેંચીને પાણીનો ધોધ છોડવાથી આપોઆપ સંડાસ સાફ થઈ જાય તેવી ફ્લશ ટેન્કની વ્યવસ્થા પણ કરી. તેને લોકભોગ્ય બનાવી, જેથી ખુબ પ્રચાર થયો.

**7.** હવે તો ઘરેઘરે જ નહીં; રુમેરુમે સંડાસ–બાથરુમની વ્યવસ્થા થઈ ગઈ છે. જો આવી વ્યવસ્થા ન હોય તો મકાન અધુરું લાગે. કોઈ લે જ નહીં.

**8.** પ્રાચીનકાળમાં દાનપુણ્યનાં ઘણાં ક્ષેત્રો બતાવ્યાં છે. પણ ક્યાંય સંડાસ બાંધી આપવાનાં દાનપુણ્યની વાત કરી નથી. કદાચ તેથી જ લોકો સંડાસ બાંધી આપવાનું કામ કરતા નથી. જો સંડાસ બાંધી આપનારને હજાર અશ્વમેધ યજ્ઞનું પુણ્ય લખ્યું હોત કે સ્વર્ગની અપ્સરાઓનું સુખ લખ્યું હોત તો આ દેશ ગંધાઈ ન ઉઠત; પણ તે તરફ કશું દાનપુણ્ય લખ્યું નથી.

**9.** મેં આફ્રીકાના નાનામાં નાના દેશમાં અને જંગલમાં રહેતા કાળાભાઈઓના કુબા પાસે પણ સંડાસ–બાથરુમ જોયાં છે. કોઈને જાહેરમાં એકી–બેકી કરતાં જોયાં નથી. તેનું કારણ ગોરાઓ છે. કાળા લોકો તો કોરો કાગળ હતા. તેથી તેમણે ગોરાઓની જીવનપદ્ધતી અપનાવી. તેનું આ પરીણામ છે.

**10.** આપણે કોરો કાગળ ન હતા. પ્રાચીનકાળનો ભવ્ય વારસો હતો અને તેના પ્રત્યે તીવ્ર અનુરાગ પણ હતો. તેથી ગુલામ રહેવા છતાં; જીવનપદ્ધતી તો આપણી જ રહી.

**11.** હવે પરીસ્થીતી બદલાઈ છે. પુષ્કળ વસ્તીવધારો થવાને કારણે અને શહેરીકરણ વધવાથી ઝુંપડપટ્ટીઓ વધી છે તેથી તથા હવે જંગલો ન રહેવાથી, કુદરતી હાજતે જવાની કોઈ સુવીધા રહી નથી. અકળાયેલાં દબાયેલાં નર–નારીઓ શરમ મુકીને જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જાય છે, જેથી પારાવાર ગંદકી થાય છે. તેની સફાઈની કોઈ વ્યવસ્થા નથી હોતી.

**12.** તીર્થોમાં, પવીત્ર નદીઓના ઘાટ ઉપર, મંદીરોમાં અને બધે જ કુદરતી હાજતે જવાની કોઈ વ્યવસ્થા નથી હોતી. તેથી જ્યાં જુઓ ત્યાં પારાવાર ગંદકી થયા કરે છે. આ આપણી શરમ છે.

**13.** લોકો ભવ્યાતીભવ્ય મંદીરો, મહાલયો, ઘાટો બાંધે છે પણ; સંડાસની વ્યવસ્થા નથી કરતા. કારણ કે તે બાંધવાનું કોઈ પુણ્ય–માહાત્મ્ય નથી આવતું.

**14.** સંડાસવ્યવસ્થા ન હોવાથી અને લોકોમાં ગમે ત્યાં બેસી જવાની કુટેવ હોવાથી, 'મેરા ભારત મહાન' ગંધાઈ રહ્યો છે, જે વીદેશીઓને તો દેખાય છે; પણ આપણને દેખાતો નથી.

**15.** હવે શું કરવું ? આવી ને આવી પરીસ્થીતી ચાલુ રહેવા દેવી ? ના, તો પછી શું કરવું ?

**16.** એક નવું સંડાસપુરાણ લખાય અને તેમાં સંડાસ બાંધવાની ભવ્ય કથાઓ લખાય, જેના દ્વારા કયા કયા ઉત્તમ લોકોનાં, હજારો વર્ષો સુધી ભોગવાનારાં, ભવ્ય સુખોની વાતો લખાય. કથાકારો આ પુરાણને અને તેના સંદેશાને ગામેગામ પહોંચાડે. પ્રત્યેક સપ્તાહને અન્તે ફરજીયાત અમુક સંડાસો તો બાંધવાં જ જોઈએ તેવો મહીમા લખાય.

**17.** અરે, હું તો એથીયે આગળ કહું છું કે પહેલાં મોક્ષ જ્ઞાનથી, યોગથી, આત્મસાક્ષાત્કારથી કે પ્રભુભક્તીથી થતો; હવે માત્ર ને માત્ર સંડાસો બાંધવાથી જ મોક્ષ થાય છે તેવી માહાત્મ્ય–કથાઓ પ્રચલીત કરવી.

**18.** એક એવી પ્રચંડ ઝુંબેશ ચલાવવાની જરુર છે જેથી આ શરમાવનારો દુર્ગન્ધ મારતો પ્રશ્ન ઉકલી જાય.

**19.** મેં ગ્રીસ, ઈજીપ્ત વગેરે દેશોમાં બેથી ત્રણ હજાર વર્ષ જુનાં સંડાસો અકબન્ધ જોયાં છે. ૪૦–૫૦ માણસો લાઈનબન્ધ સમુહમાં બેસી શકે તેવાં આરસના પથ્થરોથી ચીકણાં સંડાસ, મળ–નીકાલની વ્યવસ્થા, પાણીની વ્યવસ્થા. અરે, સુગન્ધ ફેલાવનાર અત્તરની પણ તેમાં વ્યવસ્થા જોઈ છે. આપણે હવે તો કંઈક શીખીએ !

**20.** આ દેશને ખરેખર મહાન બનાવવો હોય તો સર્વ પ્રથમ તેને ગંદકીમુક્ત કરો, કુટેવોથી મુક્ત કરો, જગ્યાએ જગ્યાએ સંડાસો બન્ધાવો. મન્દીરો ઘણાં બન્ધાવ્યાં, હવે જ્યાં અનીવાર્ય જરુર હોય ત્યાં જ બન્ધાવો. જ્યાં પ્રથમથી જ ઢગલાબન્ધ મન્દીરો છે ત્યાં નવાં–નવાં વગર જોઈતાં ન બન્ધાવો. તેમાં પણ કમર્શીયલ હેતુવાળાં તો ન જ બન્ધાવો. સંડાસ બન્ધાવો, સન્ડાસ બન્ધાવો, બસ, સંડાસ બન્ધાવો.

–સ્વામી સચ્ચીદાનન્દજી(દંતાલીવાળા)

સ્વામીજી એ લખેલા પુસ્તક **'વાસ્તવીકતા'** (પ્રકાશક: ઉલ્લાસ મનુભાઈ શાહ, ગુર્જર પ્રકાશન, 202– તીલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ–380 006 ફોન: 079-2214

4663 email: goorjar@yahoo.com પહેલી આવૃત્તી–નવેમ્બર 2009, બીજી આવૃત્તી–જાન્યુઆરી 2010, પૃષ્ઠ–16+240, કીમ્મત રુપીયા–80)નાં પાન 35થી 38 ઉપરથી લેખકના સૌજન્યથી સાભાર...

લેખકનો સમ્પર્ક – ભક્તીનીકેતન આશ્રમ, દંતાલી, પોસ્ટબૉક્સ–19, પેટલાદ–388 450, જીલ્લો આણંદ ફોન: 02697–252 480

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: છઠ્ઠું – અંક: 199 – August 29, 2010
'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com


## 'Lakhe Gujarat'

**Now no need for asking us to send Zip to have the facility**

**to write in Gujarati directly on screen without copying and pasting business..**

**You may have Window XP, 7, 8, Vista or Apple Mac..**

**Please, open our website http://lakhe-gujarat.weebly.com/**
**and have automatic installation of key boards and enjoy writing in**

**Gujarati and Devnagri (Hindi, Marathi, Sanskrit)…**

**More information in attached PDF of 'SeM'**

*************

**More than 53,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**

**More than 4,90,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**

**More than 68,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

**You too are invited to visit Gujaratilexicon with a new interface.**

********************************